# ગુજરાત રાજ્યની (સરદારકૃષિનગર, આણંદ, જુનાગઢ, નવસારી) કૃષિ યુનિવર્સિટીઓમાં

# ડિપ્લોમામાંથી ડિગ્રી (D to D) અભ્યાસક્રમમાં ઓનલાઈન પ્રવેશ પરીક્ષા માટેની અગત્યની સૂચના

➢ ઉપરોક્ત ઓનલાઈન પ્રવેશ પરીક્ષા માટે નીચે જણાવેલ સૂચનાઓને ધ્યાનમાં લઈને ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

**(૧)** પરીક્ષા માટે લાયક દરેક ઉમેદવારે લીસ્ટમાં દર્શાવેલ પરીક્ષાના સ્થળે ફરજિયાતપણે હાજર થવાનું રહેશે. પરીક્ષા શરૂ થયા બાદ કોઈપણ સંજોગોમાં ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહીં.

| ક્રમ નં. | વિગત | ઉમેદવારે રીપોર્ટિંગ કરવાનો સમય |
|---|---|---|
| 1 | D to D (કૃષિ) | 08.00 કલાકે |
| 2 | D to D (ફૂડ ટેકનોલોજી) | 10.00 કલાકે |
| 3 | D to D (કોમ્યુનિટી સાયન્સ) | 10.00 કલાકે |
| 4 | D to D (કૃષિ ઇજનેરી / રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જિ.) | 14.00 કલાકે |
| 5 | D to D (બાગાયત) | 14.00 કલાકે |
| 6 | D to D (ફૂડ ન્યુટ્રિશન અને ડાયટેટિક્સ) | 14.00 કલાકે |

**(૨)** ઉમેદવારે ઉપરોક્ત દર્શાવેલ રીપોર્ટિંગ સમય મુજબ હાજર રહેવાનું રહેશે. રીપોર્ટિંગ સમય બાદ આવેલ ઉમેદવારને પરીક્ષા માટે પ્રવેશ આપવામાં આવશે નહીં.

**(3)** MCQ બેઇઝ સ્પર્ધાત્મક પરીક્ષા રહેશે.

**(૪)** ઉમેદવારે પરીક્ષાના સમયે પોતાના ફોટાવાળું ઓળખપત્ર સાથે લઈને આવવાનું રહેશે. જે માટે કોલેજ આઈકાર્ડ / ડ્રાઇવિંગ લાયસન્સ / ચૂંટણી કાર્ડ / આધાર કાર્ડ / પાસપોર્ટ / ફોટા સહિતની માર્કશીટ પૈકી કોઈપણ એક પુરાવો ચાલશે. ઓળખ અંગે ઉપર જણાવેલ કોઈપણ

એક પુરાવો રજૂ કરવામાં નહીં આવે તો ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

**(૫)** મોબાઈલ, સ્માર્ટ વોચ, ટેબ્લેટ, કેલ્ક્યુલેટર કે અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણ પરીક્ષા ખંડમાં સાથે રાખી શકશે નહીં.

**(૬)** પરીક્ષાનાં પરિણામની જાહેરાત વેબસાઈટ **d2d.gsauca.in** પર મૂકવામાં આવશે.

**(૭)** જે વિદ્યાર્થીઓના નામની સામે આપેલ રીમાર્કસ મુજબ જરૂરી ડોક્યુમેન્ટ સાથે પરીક્ષા કેન્દ્ર પર હાજર રેહવાનું રેહશે. અન્યથા ઉમેદવારને પરીક્ષા માટે પ્રવેશ આપવામાં આવશે નહીં.

**Sd/-**

**કુલસચિવ**

**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી**

**સરદારકૃષિનગર**